# શિક્ષકે શા માટે સતત શીખવું જોઇએ ?

થોડા દિવસો પહેલાં રાજકોટથી એક રાત્રે એક બહેનનો ફોન આવ્યો. મદદ માગી કે સર, મારે રિફ્રેશર કોર્ષમાં એક લેક્ચર આપવાનું છે, જેનો વિષય છે શિક્ષકે સતત શા માટે શીખવું જોઇએ ? મારાથી પણ પ્રશ્ન પૂછાઇ ગયો કે તમે તે બાબતમાં શું માનો છો ? ચર્ચા લાંબી ચાલી અંતે મેં તે બહેનને જણાવેલ મુદ્દા અહીં રજૂ કરું છું. જેમાંથી પ્રેરણા લઇને જે શિક્ષકો સતત શીખતા રહે છે તો તેઓના પગ ચૂંમવા માટે સફળતા સતત થનગનતી રહેશે.

સમય બદલાયો છે અને સતત બદલાશે, આજનો શિક્ષક ટોપી પહેરીને સાયકલ પર શાળાએ જનાર રહ્યો નથી. ત્યારે પરિવર્તનની આ આંધીમાં શિક્ષકે પણ સતત પરિવર્તન પામતા રહેવું પડશે. પોતાને સતત અપગ્રેડ કરતા રહેવું પડશે. તમે ગઇ કાલે જે હતા તે આજે હશો અને આવતી કાલે પણ તેવા ને તેવા જ રહેશો તો ફેંકાઇ જશો, તમારો કોઇ ભાવ નહીં પૂછે, તમને નીચી નજરે જોશે. શિક્ષકે સતત શા માટે શીખવું જોઇએ તે માટે અનેકાનેક કારણો છે. મુખ્ય કારણોની વાત કરીએ તો આજે દિનપ્રતિદિન ટેકનોલોજીમાં પરિવર્તન આવે છે. નવી આવતી ટેકનોલોજીનો ઉપયોગ વર્ગખંડમાં કે પોતાના વ્યક્તિત્ત્વનો વિકાસ કરવા માટે કરવો પડશે. જે માટે શિક્ષકે ટેકનોલોજી જાણવી પડશે અને ઉપયોગ કરતા પણ શીખવું પડશે. સમૂહ માધ્યમો જેવાં કે ટી.વી., સમાચારપત્રો, ફિલ્મ, ઇન્ટરનેટ વગેરેનો ઉપયોગ વિદ્યાર્થીઓ વધારે કરે છે, તેની સમકક્ષ બનવા કે તેનાથી આગળ વધવા માટે પણ શિક્ષકે શીખવું પડશે.

ટેકનોલોજી બાબતમાં આજના શિક્ષક કરતાં આજનો વિદ્યાર્થી ખૂબ જ આગળ છે. ખાતરી કરવી હોય તો ટી.વી.ના રિમોટ કે મોબાઇલ ફોનના ફંકશનનો ઉપયોગ આપણને જેટલો આવડે છે તેના કરતાં આપણાં ઘરમાં રહેલા બાળકોને વધારે આવડે છે. આ બાળકો કોઇને કોઇ સ્કૂલના વિદ્યાર્થી છે જ. ત્યારે શિક્ષકે તે બાળકોને સંતોષ અને પ્રેરણા આપવા ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું શીખવું પડે જ. આ ઉપરાંત શિક્ષણની પદ્ધતિ, પ્રયુક્તિ, સાધનો, ઉપરાંત નવી જરૂરિયાત, વિદ્યાર્થીઓને લગતી બાબતો કે શિસ્ત વગેરેને લગતા શૈક્ષણિક સંશોધનો થતાં જ રહે છે. જેને જાણવા અને ઉપયોગ કરવા શિક્ષકે સતત શીખવું પડે. આપણે સૌ જાણીએ છીએ કે, દાક્તરીક્ષેત્રે નવા સંશોધનો, નવી દવાઓ, નવા સાધનો, નવી પ્રયુક્તિઓ વગેરે શોધાતી રહે છે. જેનો ઉપયોગ ડૉક્ટર કરે તો જ દર્દીને ફાયદો થાય અને પસમદ પણ પડે. તો તેવી જ રીતે શિક્ષણમાં થતાં સંસોધનો શિક્ષકે જાણીને વર્ગખંડમાં ઉપયોગ કરે તો જ વિદ્યાર્થીઓને ગમે અને પસંદ પણ પડે.

આપણે એક વિષય શીખવીએ છીએ, વિદ્યાર્થી આપણા કરતાં વધુ વિષય શીખે છે. તેને જેટલા વિષયનું જેટલું જ્ઞાન છે તેટલું જ્ઞાન આપણી પાસે છે ? આપણે પણ ભણતા હતા ત્યારે તે બધા જ વિષયો શીખ્યા હતા, પણ આપણે શીખેલું ઘણું ભૂલી ગયા છીએ. ત્યારે વિદ્યાર્થી જેટલું જ્ઞાન આપણામાં પણ આવે તો શીખવવાની મજા પડે. તેમ થાય તો  શિક્ષક એક વિષય શીખવતી વખતે બીજા વિષય સાથે અનુબંધ સાધી શકે તે માટે પણ શિક્ષકે સતત શીવું પડશે. ઉપરાંત આજના વિચર્થીને પાઠ્યપુસ્તકના જ્ઞાન સિવાય વધારાનું જ્ઞાન મેળવવાનો શોખ જાગ્યો છે. તેઓ આવા બાહ્ય જ્ઞાન મેળવવા સતત નાનીમોટી મથામણ કરતાં જ હોય છે. ત્યારે શિક્ષકે પણ પોતાનું બાહ્ય જ્ઞાન વધારવું પડશે. આજનો વિદ્યાર્થી તેની ઉંમરના પ્રમાણમાં વધારે વિકસિત હોય તેમ લાગે છે. આપણે જ એક કલ્પના કરીએ કે, આપણે જ્યારે

દસ-પંદર વર્ષના વિદ્યાર્થી અવસ્થામાં હતા ત્યારે કેવાં હતા ? અને આજનો દસ-પંદર વર્ષનો વિદ્યાર્થી કેવો છે ? આપણને સીધો જ ફરક દેખાશે. આમ વિકસિત વિયર્થીઓ સાથે શિક્ષકે પણ વિકસિત રહેવું જ પડે. જે માટે તેણે સતત મથામણ કરવી પડશે અને શીખવું પડશે.

શિક્ષક વર્ગખંડમાં જીવંત પાત્રો સાથે કામ કરે છે. વર્ગખંડને સતત જીવંત રાખનાર શિક્ષકમાં જ વિદ્યાર્થીને રસ પડે. વર્ગખંડમાં સતત પરિસ્થિતિ બદલાતી રહેવાની છે જ. ઉપરાંત બાહ્ય વાતાવરણની અસરો પણ વર્ગખંડમાં થવાની જ છે. ત્યારે નવીન પરિસ્થિતિમાં કેવી રીતે શિક્ષણ કાર્ય કરવું, નવીન પરિસ્થિતિનો શિક્ષણકાર્યમાં કેવી રીતે લાભ લેવો તે જાણવા માટે પણ શિક્ષખે શીખતા રહેવું પડે. શિક્ષક જ્યારે શીખવતો હોય છે ત્યારે પાઠ્યપુસ્તકની મર્યાદાને ધ્યાનમાં રાખવી જોઈએ. વર્ગખંડમાં જેટલું પિરસવાનું છે તે બધુ જ પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ ન હોય. ત્યારે વિવિધતા લાવવા અને ઊડાણમાં જવા માટે શિક્ષકે નવું જાણવું પડશે, વિવિધ ઉદાહરણો આપવા પડશે. આ કામ સુપેરે પાર પાડવા શિક્ષકે સતત શીખતા રહેવું પડશે.

દરેક વિદ્યાર્થી પોતાના શિક્ષકમાં કશીક નવીનતા શોધતો હોય છે. પોતાનો શિક્ષક બધી જ બાબતોમાં અપટુડેટ હો તો તેને વધુ ગમે, પણ છતાં ચોક્કસ બાબતમાં પોતાનો શિક્ષક અલગ પડે તો તેને ખૂબ જ ગમતું હોય છે. તે માટે શિક્ષકે પોતાનામાં પરિવર્તન લાવીને વિકસિત થવું જ પડે. ઉપરાંત સમાજમાં પણ શિક્ષકનું ચોક્કસ સ્થાન છે. પોતાના આ સ્થાનને ટકાવી રાખવા માટે શિક્ષકે સતત પોતાનો વિકાસ કરવો જ પડે. શિક્ષકે વર્ગખંડમાં પોતાના કામ થકી, પોતાના વિચારો થકી, પોતાના વર્તન દ્વારા પોતાનો પ્રભાવ ઊભો કરવાનો હોય છે. શિક્ષકે પોતાનો વિકાસ વટ મારવા માટે નહીં, પણ પ્રભાવ પાડવા માટે કરવાનો છે. વટ મારવા માટે ઇરાદાપૂર્વકના પ્રયત્નોની જરૂર પડે, જ્યારે પ્રભાવ તો આપોઆપ ઊભો થતો હોય છે. આ પ્રભાવ ઊભો થાય તે માટે શિક્ષકે સતત સ્વવિકાસ કરવો પડે અને તેનો આધાર લઈને વર્ગખંડ શિક્ષણ પણ કરવું જોઇએ.